ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



# શહેરમાં ભરભાદરવે અષાઢી ગર્જના

**ભાદરવે અષાઢી વાયરાથી વરસાદ ભરપુર શહેરમાં ૪ ઇંચથી જળબંબાકાર : રાત્રિના અડધા ઇંચ વરસાદ બાદ વહેલી સવારે ઘટાટોપ વાદળો ગાજવીજ સાથે વરસ્યા : સેકટરોમાં ચોમેર જળબંબાકાર : વરસાદની સાથે વૃક્ષો ધરાશાયી અનેક ઠેકાણે ભુવા પડયા : જનજીવન પ્રભાવિત**

| સોમવાર | | મંગળવાર | | મંગળવાર | | છેલ્લા ૨૪ |
|---|---|---|---|---|---|---|
| રાત્રે ૯ થી સવારે ૯ | + | સવારે ૯ થી ૧૦-૩૦ | + | સાંજે ૩ થી ૪ | = | કલાકમાં |
| ૧૨ મી.મી. | | ૪૪ મી.મી. | | ૨૯ મી.મી. | | ૮૫ મી.મી. |

ગાંધીનગર તા ૧૦

શહેરમાં છેલ્લા ચાર દિવસથી મેહુલિયો મહેરબાન છે. ગઈકાલે રાત્રિના પણ રીમઝીમ વરસાદના અંતે આજે સવારથી આકાશમાં ઘટાટોપ વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. વહેલી સવારે વાદળિયા વાતાવરણ અને ગાજવીજ વચ્ચે ભાદરવે અષાઢી માહોલ નિખર્યો હતો. ઘનઘોર વાદળોના લીધે દિવસ ઉગતા રાત જેવુ અંધારુ છવાઈ ગયુ હતુ . થોડીવારમાં જ વરસાદ તુટી પડયો હતો. માત્ર બે કલાકમાં બે ઈંચ વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. ભારે વરસાદના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. ઘ માર્ગ પર એક ઠેકાણે વૃક્ષ ધરાશાયી થયુ હતુ. બપોરના સમયે ફરી વરસાદ વરસ્યો હતો. દિવસના અંતે શહેરમાં ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. સિઝનનો કુલ વરસાદ ૬૭૭ મી મી નોંધાયો છે. મોડી સાંજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા.

ગાંધીનગરમાં આજે મેઘરાજા આક્રમક મુડમાં જોવા મળ્યા હતા. ગઈકાલે રાતથી જ આકાશમાં ઘેરાયેલા કાળા ડીબાંગ વાદળો વરસવાનુ શરૂ થઈ ગયુ હતુ. જો કે રાત્રિ દરમિયાન માત્ર અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. પરંતુ વહેલી સવારે સુર્યોદયના ટાંણે આકાશમાં ઘનઘોર વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. આકાશમાં ઘટાટોપ વાદળોના ઘેરાવથી દિવસ ઉગતા પણ રાત જેવુ અંધારુ છવાયેલુ જોવા મળ્યુ હતુ. મેઘરાજા હમણાં ચોમેર પાણી પાણી કરી દેશે તેવો આભાસ સૌ કોઈને થઈ ગયો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે ગાજવીજ અને વિજચમકારા વચ્ચે વહેલી સવારે મેઘરાજા મનમુકીને વરસ્યા હતા. ભાદરવે અષાઢી માહોલ જામ્યો હતો. વરસાદનુ જોર વધુ હોવાથી પલવારમાં જ સેકટરોમાં ચોમેર પાણી પ્રસરી ગયા હતા. સેકટરો વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સેકટરોની શેરીઓ સહીત કોમન પ્લોટ તેમજ જાહેર સ્થળો અને મુખ્યમાર્ગો પર વરસાદી પાણીથી તરબતર થઈ જતા જનજીવન પર વિપરિત અસર જોવા મળી હતી. જો કે આજે રજાનો દિવસ હોવાથી શાળા કોલેજો અને કચેરીઓ બંધ રહી હતી. જેના લીધે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે વરસાદ વિલન બન્યો ન હતો. પરંતુ રજાના દિવસે નગરજનોએ પરિવાર સાથે વરસાદની મજા માંણી હતી. વરસાદી મોસમમાં પલળવાની પણ મજા લીધી હતી. થોડીવારના વરસાદના અંતે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. એકસાથે આઠ દસ ઈંચ વરસાદ ખાબકશે તેવી ધારણા પણ બંધાઈ હતી. પરંતુ મેઘરાજા બે ઈંચ પાણી વરસાવી અટકી જતા નગરજનોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે થોડીવાર બાદ વરસાદે વિરામ લેતા જનજીવન સામાન્ય થયુ હતુ. પરંતુ સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી હીલોળા લેતા નજરે પડયા હતા. જેથી સેકટરોમાં વસાહતીઓની અવરજવર નહીંવત જણાંતી હતી. ત્યારબાદ બપોરના સમયે પણ અચાનક જ વરસાદી વાદળો નિખર્યા હતા. બપોરના સમયે મેઘરાજાએ ફરી બઘડાટી બોલાવી હતી. વરસાદી વાદળો ધોધમાર વરસતા ઓસરેલા વરસાદી પાણી ફરી ઉભરાયા હતા. શહેરના નિચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર
































## શહેરમાં કયાં પાણી ભરાયા

- ગ માર્ગ પર સે-૫ ના વળાંક પાસે
- સે-૬ સરસ્વતી સ્કુલ પાસે
- સે-૬ પેટ્રોલ પંપ પાસેના ખુલ્લા મેદાનમાં
- સે-૩ શિવશકિત ચોક સામે કોમન પ્લોટ
- સે-૩ : ૬ ની ચોકડી પાસે
- સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર પાસે
- સે-૨૩ :૨૮ ક્રોસ રસ્તા પાસે
- સે-૨૮ ના કોમન પ્લોટ
- સે-૨૮ જી આઈ ડી સી વિસ્તાર
- સે-૨૮ બ્રહ્માકુમારીઝના સેન્ટર પાસે
- સે-૨૪ શોપિંગ વિસ્તાર
- ઘ-૩ કલેકટર કચેરી પાસે
- ઘ-૪ સર્કલ પાસે, સ્વર્ણિમ પાર્ક સામેનો માર્ગ
- મહાત્મા મંદિર પાસે - ગ-૪ નો કોર્નર
- સે-૨૨ પ્રા. શાળા અને દેના બેંક વચ્ચે
- સે-૨૨ સત્યમ સોસાયટી પાસે
- સે-૨૨ પંચદેવ મંદિર પાસે
- સેકટરોના તમામ રંગમંચોમાં
- સે-૧૭ જિલ્લા પંચાયત પાસે
- સે-૩૦ પ્રેસ ચોકડી પાસે

# સાર્વત્રિક વરસાદથી જિલ્લો તરબોળ

ગાંધીનગર જિલ્લો સાર્વત્રિક વરસાદથી તરબોળ થઈ જવા પામ્યો છે. ગઈકાલે રાતથી શરૂ થયેલી મેઘમહેર આજે દિવસ દરમ્યાન પણ ચાલુ રહી હતી. આજે જિલ્લામાં સાંજે છ વાગ્યા સુધી દહેગામ-ગાંધીનગરમાં ચાર-ચાર ઈંચ તો કલોલ-માણસામાં ૧॥-૧॥ ઈંચ વરસાદ નોધાયો છે. સાર્વત્રિક વરસાદને પગલે જિલ્લામાં તેની અસર વાહન-વ્યવહાર પર પડી હતી એટલુ જ નહિ આજે રજાનો દિવસ હોવાથી લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યુ હતુ. સાર્વત્રિક વરસાદને પગલે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.જો કે આ વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં નવા પાણીની આવક થઈ છે અને તેને પગલે જિલ્લામાં ભૂગર્ભ જળ રિચાર્જીંગને સારો એવો ફાયદો થશે. સાર્વત્રિક વરસાદને પગલે જિલ્લા પર તોળાઈ રહેલુ જળસંકટ સંપૂર્ણપણે દૂર થઈ જવા પામ્યુ છે. જે પાણીની નવી આવક થઈ છે તેનો ફાયદો રવિ સીઝનમાં સારો થશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં હજુ બે દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઠેર-ઠેર પાણી ભરાઈ જવાને કારણે વાહનવ્યવહાર પર અસર થઈ છે તો કેટલાક ગ્રામ્ય વિસ્તારના માર્ગોને નુકશાન થયાના અહેવાલ પણ સાંપડ્યા છે.

## આજે પશુપાલકો માટે વડાપ્રધાન ખાસ યોજના જાહેર કરશે

ગાંધીનગર, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે પશુ આરોગ્યને લઈ નેશનલ એનીમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ ફોર એફ.એમ.ડી. એન્ડ બ્રુલોસીસનુ લોન્ચીંગ કરશે.

આ લોન્ચીંગને લઈ રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લાના ૧૦૦થી વધુ પશુપાલકો તેમજ પશુપાલન વિભાગના રાજ્યના અને જિલ્લાના અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહી અને વેબકાસ્ટીંગથી આખો કાર્યક્રમ નિહાળશે.

આ પ્રોગ્રામ અંતર્ગત પશુઓના રસીકરણનો ખાસ કાર્યક્રમ પણ પછીથી હાથ ધરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ રસીકરણ વિનામૂલ્યે કરવામાં આવશે.

# નર્મદા ડેમના ૨૪ ગેટ સૌપ્રથમ વખત ૪.૧ મીટર સુધી ખુલ્યા

અમદાવાદ, તા.૧૦

ઉપરવાસમાં અતિ ભારે વરસાદના કારણે નર્મદા ડેમમાં છેલ્લા એક સપ્તાહથી સતત પાણીની જોરદાર આવક થઈ રહી છે જેના કારણે, નર્મદા ડેમની સપાટી ૧૩૬.૫૦ મીટરથી ઉપર પહોંચી ગઈ હતી. નર્મદા ડેમમાંથી છોડવામાં આવી રહેલા ૬.૫ લાખ ક્યૂસેક પાણીને કારણે ભરૂચ ખાતે ગોલ્ડન બ્રિજ પર નર્મદા નદીની સપાટી ૩૦ ફૂટે પહોંચી ગઈ હતી. જેને પગલે નર્મદા નદી કાંઠા અને આલિયાબેટ પરથી અત્યાર સુધીમાં ૩૫૦ થી વધુ લોકોનું અત્યાર સુધી સ્થળાંતર કરવામાં આવ્યું હતું અને તંત્ર દ્વારા કાંઠા વિસ્તારના લોકોને એલર્ટ કરવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશના ઈન્દિરાસાગર ડેમના ૧૨ ગેટ અને ઓમકારેશ્વર ડેમના ૧૬ ગેટ ખોલવામાં આવ્યા હતા. જેના પરિણામે, નર્મદા ડેમમાં ૭.૧૨ લાખ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે અને નર્મદા ડેમના ૨૪ દરવાજા સૌપ્રથમવાર ૪.૧ મીટર સુધી ખોલવામાં આવ્યા હતા. ડેમમાંથી દરવાજાઓ ખોલી જળસપાટીનું લેવલ જાળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને ડેમમાંથી ૬.૫ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને પગલે નર્મદા નદી બે કાંઠે વહી રહી છે. સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી હાલ ૧૩૬.૫૦ મીટર ઉપર પહોંચી ગઈ હતી અને નર્મદા નદીના કાંઠા વિસ્તારના ૪૦થી વધુ ગામોને એલર્ટ કરાયા હતા. નર્મદા ડેમમાં હાલ ૫,૦૪૫ એમસીએમ લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com